Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# સિન્ડિકેટની તાકીદની સભા

## : નોટિસ :

સિન્ડિકેટની તાકીદની સભા ગુરૂવાર, તા.૦૨–૦૯–૨૦૨૧ના રોજ સવારે:૧૦–૩૫ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન / ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

## : કાર્યસૂચિ :

૧. પરીક્ષા FACTકમિટીની તા.૧૨/૦૮/૨૦૨૧ ની સભાની નોંધ/ભલામણો પર વિચારણા કરવા બાબત...
(નોંધ– પરીક્ષા FACTકમિટીની ઉપરોકત સભાની નોંધ/ભલામણો આ સાથે સામેલ છે.)

(બિડાણ : ૦૧)

(પરીક્ષા (FACT))

૨. પરીક્ષા વિભાગના તા.૮/૮/૨૦૧૩ના પરીપત્ર ક્રમાંકઃ પરીક્ષા/એ/૭૦૨૮/૨૦૧૩ ને અનુલક્ષીને જે વિદ્યાર્થીને કોઈ સેમેસ્ટરમાં કોઈપણ વિષયમાં એ.ટી.કે.ટી. આવેલ હોય, તથા તેને ઉત્તીર્ણ કરવાનુ બાકી હોય તેવા સંજોગોમાં તેના અનુગામી સેમેસ્ટરમાં વિદ્યાર્થી તમામ પેપર ઉત્તીર્ણ થયેલ હોવા છતાં રિઝલ્ટ તરીકે એ.ટી.કે.ટી. દર્શાવવામાં આવે છે. સદર બાબતે એકેડેમીક કાઉન્સીલ તા.૧૦/૦૮/૨૦૨૧ના બાબત ક્રમાંક ૫થી ઠરાવ્યા મુજબ,

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણીક વર્ષ ૨૦૨૧–૨૨ થી વર્ષ મુજબ પરિણામ જાહેર કરવાને બદલે સેમેસ્ટર વાઈઝ પરિણામ જાહેર કરવું, પ્રત્યેક સેમેસ્ટરમાં માત્ર પાસ કે નાપાસનું પરિણામ આપવું, એ.ટી.કે.ટી. શબ્દનો પ્રયોગ ઉપયોગ કરવો નહી. સેમેસ્ટર–૩માં પ્રવેશ માટે વિદ્યાર્થી સેમેસ્ટર–૧ તથા સેમેસ્ટર–૨ બંનેમાં નાપાસ હોય તો પણ પ્રવેશપાત્ર બને તથા સેમેસ્ટર–૫માં પ્રવેશ માટે સેમેસ્ટર–૧ તથા સેમેસ્ટર–૨ બંને પાસ હોય તો જ પ્રવેશપાત્ર બને તે મુજબની કેરીફોરવર્ડની સીસ્ટમનો અમલ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અગાઉના વર્ષોમાં જે વિદ્યાર્થીઓના પરિણામમાં એ.ટી.કે.ટી. કે નાપાસની રિમાર્કસ ને કારણે જે વિદ્યાર્થીઓ પાસની માર્કશીટ મેળવવાં માંગતા હોય તેઓ અરજી કરે તેવા કિસ્સામાં માર્કશીટ દીઠ ૫૦૦/–રૂા. જમાં કર્યેથી CBCS લાગુ કર્યા પછીના કિસ્સામાં અરજી કર્યાના વધુમાં વધુ ૧૫ દિવસના સમયગાળામાં કેસ ટુ કેસ નવી માર્કશીટ બનાવી આપવી. અન્ય કિસ્સાઓમાં આ સમયગાળો ૩૦ દિવસનો રહેશે. વધુમાં જે કિસ્સમાં અરજીકર્તા દ્વારા તાત્કાલીક ધોરણે માર્કશીટ મેળવવા ૧૦૦૦/–રૂા. ફી જમા કર્યેથી ત્રણ દિવસના સમયગાળામાં મેળવી શકાશે. વિશેષ કિસ્સાઓમાં જયાં તાત્કાલીક ધોરણે માર્કશીટ મેળવવી જરૂરી હોય તેવા અરજીકર્તાઓ દ્વારા માર્કશીટ દીઠ ૩૦૦૦/– જમાં કર્યેથી એક દિવસ (Within One Working Day ) માં મેળવી શકશે. જે અંગે સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે.

સદર એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (સાયન્સ ફેકલ્ટી))

૩. કોમ્પ્યુટર સાયન્સ અને ઈનફરમેશન ટેકનોલોજી વિષયના ડીનશ્રી ડૉ. સ્નેહલભાઈ જોશી દ્વારા તેમના તા. ૧૫ ઓગષ્ટ ૨૦૨૧ના ઈમેઈલથી યુ.જી.સી.ની ગાઈડલાઈન મુજબ **Optimum Utilization of Resources and Infrastructure**ને ધ્યાને લઈ યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા પોસ્ટ ગ્રેજયુએશન એવા કોર્સીસમાં જયાં વધારે ધસારો જોવા મળે છે તેવા કોર્સીસ માટે ઈવનિંગ રેગ્યુલર મોડમાં બેચ / વધારાના ડિવીઝન શરૂ કરવાની કાર્યવાહી કરવાની આ સાથેના પત્રની વિગત સાથે વિનંતી કરેલ છે જે વિનંતી અંગે અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૧૮–૦૮–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૩)થી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૮–૦૮–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ (૧૩) થી નીચે મુજબ સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૧૮–૦૮–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૩)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડીનશ્રી કોમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી વિષયના યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્નાતક/ અનુસ્નાતક અભ્યાસક્રમમાં જયાં વધારે પ્રવેશનો ધસારો જોવા મળે તે કોર્ષીસ માટે મોર્નિંગ/ ઈવનીંગ પ્રોગ્રામ મોડમાં સ્વનિર્ભર ધોરણે વધારાના બેચ/ ડીવીઝનશરૂ કરવા ઈચ્છુક ડિપાર્ટમેન્ટ/ કોલેજો પાસેથી દરખાસ્ત મેળવવાની કાર્યવાહી કરવાનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૮–૦૮–૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ (૧૩)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ થી આ વ્યવસ્થાનો અમલ શરૂ કરી શકાય તે માટે યોગ્ય કરવા સિન્ડિકેટને ભલામણ છે.**

(બિડાણ : ૦૨)
(અનુસ્નાતક)

૪. યુનિવર્સિટી ખાતેના તુલનાત્મક સાહિત્ય વિભાગ ખાતે સ્વનિર્ભર ધોરણે એમ.એ. (સંસ્કૃત) અને એમ.એ. (હિન્દી) પ્રોગ્રામ ચાલુ કરવા અંગે અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૧૮–૦૮–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૪)થી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૦૮–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૪)થી નીચે મુજબ સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૧૮–૦૮–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૪)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતેના તુલનાત્મક સાહિત્ય વિભાગના નેજા હેઠળ એમ.એ. સંસ્કૃત પ્રોગ્રામનું નવું ડિવિઝન સાથે અને એમ.એ. હિન્દી પ્રોગ્રામમાં ગ્રાન્ટ ઈન એઈડ હાયરપેમેન્ટ બેઠકો સાથે વધારાના ડિવિઝન તરીકે યુનિવર્સિટી ખાતે શરૂ કરવા અને રાજય સરકાર પાસે અલગથી ઉપરોકત પ્રોગ્રામ (સંસ્કૃત અને હિન્દી પ્રોગ્રામ) માટે અનુદાનિત અનુસ્નાતક વિભાગની મંજૂરી મેળવવા અરજી કરવામાં આવે તથા મંજૂરી ન આવે ત્યાં સુધી આ મુજબના અનુસ્નાતક પ્રોગ્રામ શરૂ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮–૦૮–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૪)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૮/૦૮/૨૦૨૧ની સભાની ભલામણ ક્રમાંકઃ ૧૪ યથાવત્ સ્વીકારી તે અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(અનુસ્નાતક)

૫. અન્ય યુનિવર્સિટીમાંથી લેટરલ એન્ટ્રી તરીકે પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓના કિસ્સામાં વિષયો સરખાવીને જુદા પડતા વિષયો પાસ કરવાની શરતે પ્રવેશ આપવાની પ્રવર્તમાન પ્રથાને બદલે ક્રેડીટ ટ્રાન્સફર પોલીસી અંતર્ગત જ ક્રેડીટની ગણતરી કરીને માત્ર ખુંટતી ક્રેડીટ મેળવવાની શરતે પ્રવેશ આપવા તથા લેટરલ એન્ટ્રી માટે ટ્રાન્સફરના હેતુથી ગણતરી કરવાની થતી ક્રેડીટમાં NCC/NSS/ સપ્તધારા જેવા વિષયો ની ક્રેડીટને ગણતરીમાં ન લેવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૦૮/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.

<u>**એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૦૮/૨૦૨૧ ની સભાની ભલામણ ક્રમાંક : ૨**</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય યુનિવર્સિટીમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ અભ્યાસક્રમો પૈકી લાગુ પડતા અભ્યાસક્રમમાં ટ્રાન્સફર મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી જે સેમેસ્ટર માટે ટ્રાન્સફરની અરજી કરે તેવા કિસ્સામાં જે સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માંગે છે તેની પૂર્વેના તમામ સેમેસ્ટરોમાં કોઈ પણ પ્રકારનો બેકલોગ હોવો જોઈએ નહીં (પૂર્ણ સ્વરૂપે પાસ કરેલ હોવું જરૂરી છે.) તેમજ આ તમામ સેમેસ્ટરમાં મેળવેલ ક્રેડિટ જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગે છે તેના માટે મેળવવા પાત્ર થતી ક્રેડિટ થી ઓછી હોવી જોઈએ નહીં. જો અરજીકર્તા વિદ્યાર્થી પ્રવેશ હેતુ જે અભ્યાસક્રમના જે તે સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માંગે છે તેના માટે જરૂરી ક્રેડિટ ધરાવતો હોય તો આવા કિસ્સામાં વિદ્યાર્થીને સીધો પ્રવેશ આપવાનો રહેશે તથા આના માટે કોઈ ઈકવીલન્સ મેળવવાનું રહેશે નહીં. માત્ર એવા કિસ્સામાં જયાં અરજીકર્તા વિદ્યાર્થી જરૂર મુજબની ક્રેડિટ ધરાવતો ન હોય માત્ર તેવા કિસ્સામાં ડીનશ્રીનો અભિપ્રાય લેવાનો રહેશે. જે અભ્યાસક્રમોમાં એપેક્ષ બોડીના નિયમો ટ્રાન્સફર માટે લાગુ પડતા હોય તેવા કિસ્સામાં એપેક્ષ બોડીના નિયમ અનુસાર ડીનશ્રીનો અભિપ્રાય મેળવી ટ્રાન્સફર આપવાની રહેશે.**

**જે કિસ્સામાં વિદ્યાર્થી પ્રવેશ મેળવવા માટે જરૂરી ક્રેડિટ કરતા વધુ ક્રેડિટ ધરાવતો હોય તથા એવા કોઈ વિષયની ક્રેડિટ ધરાવતો હોય જે હવે પછીના સેમેસ્ટરના અભ્યાસક્રમમાં હોય તથા આ વિદ્યાર્થી જો આવાવિષયમાં મેળવેલ ક્રેડિટને આધારે Exemption મેળવવા માંગતો હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીએExemptionપાત્રતા પ્રમાણિત કરાવવા અલગથી નિયત ફી ભરી અરજી કરવાની રહે છે. તથા તે અંગે ડીનશ્રીનો અભિપ્રાય મેળવ્યેથી Exemption આપવાની કાર્યવાહી કરવાની રહે છે.**

**જે કિસ્સામાં વિદ્યાર્થી બેકલોગ ધરાવતો હોય તથા ટ્રાન્સફર માટે જરૂર કરતા ઓછી ક્રેડિટ ધરાવતો હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીએ નિયત ફી ભરીને અરજી કરવાની રહેશે તથા ડીનશ્રીનો અભિપ્રાય મેળવી અને તે અનુસાર બેકલોગ ધરાવતા વિષયો અથવા તેને સમકક્ષ વિષયોમાટે યુનિવર્સિટી દ્વારા યોજાતી જે તે વિષયની પરીક્ષા ડીનશ્રીના અભિપ્રાય અનુસાર આપવાની તથા પાસ કરવાની રહેશે. આવા કિસ્સામાં ઈન્ટરનલ માર્કસ એક્ષટર્નલ પરીક્ષામાં મેળવેલ માર્કસના પ્રોરેટા અનુસાર ગણતરીમાં લેવાના રહેશે.**

**વધુમાં, ટ્રાન્સફર મેળવવા ઈચ્છુક અરજીકર્તા વિદ્યાર્થી પ્રવેશ માટે જરૂરી ક્રેડિટ કરતા ઓછી ક્રેડિટ ધરાવતો હોય તથા ખૂટતી ક્રેડિટ કોર વિષયની હોય તેવા કિસ્સામાંડીનશ્રીનો અભિપ્રાય મેળવી તે મુજબના વિષયોની પરીક્ષા આપી ક્રેડિટ મેળવવાની રહેશે. તે સિવાયના કિસ્સામાં જે તે ફેકલ્ટી / યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત ક્રેડિટ ધરાવતા સર્ટીફીકેટ કોર્ષ દ્વારા ખૂટતી ક્રેડિટ મેળવવાની રહેશે.**

**પ્રસ્તુત બાબત અંગે સિન્ડિકેટને ભલામણ છે.**

**(એકેડેમિક)**

૬. યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોની સ્થાનિક તપાસ સમિતિના સંદર્ભમાં વર્ગ અને અધ્યાપકોના કાર્યભારની ગણતરી અંગે સ્પષ્ટતા કરવા અંગે વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૩–૦૮–૨૦૨૧ની ભલામણ ક્રમાંક:(૧૧) થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૩–૦૮–૨૦૨૧ની ભલામણ ક્રમાંક :(૧૧)</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વર્ગદીઠ સંખ્યાના આધારે જે તે પ્રોગ્રામ માટેના કાર્યભારની ગણતરી માટે જે તે પ્રોગ્રામમાં ડિવીઝન દીઠ મંજૂર થયેલ બેઠકો કરતા જો ૫૦% થી વધુ વિદ્યાર્થીઓ થાય તેવા સંજોગોમાં નવું ડીવીઝન ગણતરીમાં લેવું.**

**કુલ કાર્યભારની ગણતરી માટે પૂર્ણાંક સંખ્યાના Lower Bound મુજબ જ અધ્યાપકોની ગણતરી કરવાની રહેશે. (ઉદાહરણ તરીકે જરૂરી અધ્યાપકોની સંખ્યા ૩.૯૯ થતી હોય તો પૂર્ણાંક Lower Bound તરીકે ૩ ગણવામાં આવે.)**

**વર્ગ સંખ્યાની ગણતરી માટે જે તે વર્ષે મંજૂર થયેલ ડીવીઝનદીઠ વર્ગ સંખ્યા મુજબ કુલ વર્ગોની ગણતરી કરવાની રહેશે. (ઉદાહરણ તરીકે વર્ષ 2021-22 ની સંખ્યા ત્રીજા વર્ષની ગણના માટે 2019-20 ની મંજૂર થયેલી સંખ્યા ધ્યાનમાં લેવી. Second Year માટે એક વર્ષ બાદ કરવો એટલે કે વર્ષ 2020-21 અને First Year માટે ચાલુ વર્ષને ધ્યાનમાં લેવી.)**

**અધ્યાપકના કાર્યભારની ગણતરી અધ્યાપકદીઠ પ્રતિ સપ્તાહ Actual Teaching (Including Practical) સોળ કલાકના કાર્યભાર મુજબ કરવાની રહેશે.**

**જે અભ્યાસક્રમોમાં તેની એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા હોય તેવા કિસ્સામાં એપેક્ષ બોડીના નિયમ અનુસાર ઈન્ટેકના નિયમો અને કાર્યભાર ગણવાનો રહેશે.**

**ઉપરોક્ત બાબતોની કાર્યવાહી અર્થે સિન્ડિકેટને ભલામણ છે.**

**વધુમાં સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ડીવીઝનદીઠ સંખ્યા માટે યુનિવર્સિટી ઓર્ડિનન્સ મુજબ રાજયસરકારને જાણ કરી મંજૂરી મેળવવાની કાર્યવાહી કરવી.**

**(સિન્ડિકેટ)**

૭. ડૉ. આર. એમ. પાંડેના માર્ગદર્શન હેઠળ હિન્દી વિષયમાં રજી. નં. ૩૦૧૩ તા.૨૧/૦૫/૨૦૧૩ ના રોજ નોંધાયેલ પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરનાર સંશોધનાર્થી આહીર લતાબેન સોમાભાઈ ધ્વારા તેઓના તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજના પત્રથી થીસીસ રજૂ કરવા માટે સામાજીક કારણોસર નિયત સમયમાં સંશોધન અભ્યાસ પૂર્ણ કરી શકેલ ન હોય સંશોધનાર્થીની મુદત લંબાવી આપવાની વિનંતી સાથે સંશોધન અભ્યાસની ફી માફ ફરવાની તા.૧૨/૦૭/૨૦૨૧ ના પત્રથી વિનંતી કરેલ છે. જે સંદર્ભમાં નાણા સમિતિની તા.૦૭/૦૮/૨૦૨૧ ની સભાએ યોગ્ય નિર્ણય લેવા સિન્ડીકેટને ભલામણ કરેલ હોય. સિન્ડીકેટના તા.૧૧/૦૮/૨૦૨૧ના બાબત ક્રમાંક ૬૮ અને ૬૨ અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે. જે સંદર્ભમાં નિયુકત સમિતિ તા.૨૪–૦૮–૨૦૨૧ના રોજ સાંજે ૬.૦૦ કલાકે માન.કુલપતિશ્રીના કાર્યાલયમાં મળેલ હતી. પીએચ.ડી. સંશોધનાર્થી લતાબેન એસ. આહિરની નિયુકત સમિતિ ની સમક્ષ કરેલ રજૂઆત ધ્યાને લઈ સમિતિની આ સાથેની ભલામણ પર વિચાણા કરવા બાબત.

<u>નાણાં સમિતિની તા.૦૭/૦૮/૨૦૨૧ ની સભાની બાબત ક્રમાંક : ૭</u>

- ❖ સદર બાબતે યોગ્ય નિર્ણય લેવા સિન્ડીકેટ સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>સિન્ડીકેટની તા.૧૧/૦૮/૨૦૨૧ ની સભાની બાબત ક્રમાંક : ૬૮</u>

- ❖ સદર બાબતે ઠરાવ ક્રમાંક : ૬૨માં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવી.

<u>સિન્ડીકેટની તા.૧૧/૦૮/૨૦૨૧ ની સભાની બાબત ક્રમાંક : ૬૨</u>

- ❖ આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૭/૦૮/૨૦૨૧ ની નાણાં સમિતિની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૨,૫,૬ અને ૮ નો પરિશિષ્ટ : ' ખ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો.

બાબત ક્રમાંક : ૭ સંદર્ભે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં અરજદાર મહિલા છે તેમની રજુઆતમાં તેમની સામાજીક સમસ્યા શું છે તે સમજવા અને યોગ્ય નિર્ણય ઉપર પહોંચવા માટે તેમને બોલાવવા અને તેમને સાંભળી યોગ્ય નિર્ણય કરવો તે માટે સિન્ડીકેટની સભા વતી સિન્ડીકેટ પ્રતિનિધિ તરીકે ડૉ. પારૂલબેન વડગામા અને મા.કુલપતિશ્રીને યોગ્ય નિર્ણય લેવાની સત્તા આપવામાં આવે છે.

(બિડાણ : ૦૩)
(અનુસ્નાતક)

૮. યુનિવર્સિટીના એચ. આર. ડી. વિભાગના વડાશ્રી ડૉ. કિરણકુમાર એમ. પંડયા સ્વૈચ્છીક નિવૃત્તિને કારણે તા.૩૧/૦૮/૨૦૨૧ના રોજ ફરજ મુકત થનાર હોય તેઓની ફરજ મુકતી બાદ સ્ટેચ્યુટ – ૨૯૩ અને ઓર્ડિનાન્સ – ૩૭ ની જોગવાઈ અંતર્ગત વિભાગીય વડાની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત..

**નોંધ :** વિભાગમાં કાર્યરત શૈક્ષણિક કર્મચારીઓની માહિતી નીચે મુજબ છે.

| Sr. No. | Name | Designation | Present Designation under | DOB | DOJ |
|---|---|---|---|---|---|
| 1 | Dr. DIGVIJAYSINH GAJENDRASINH THAKORE | Professor | C.A.S. (22-10-2009) | 23-07-1970 | 10-02-1999 |

**Statute 293 :**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

**Ordinance – 37- C**

(i) There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate as per the Provisions made in Statute-293.

(ii) For the purpose of appointment, the seniority shall be counted on the basis of the Date of Joining as a Reader or Professor, as the case may be, irrespective of whether the appointment is made under Direct Recruitment or Career Advancement Scheme.

(iii) This Ordinance shall be applicable forthwith. The Syndicate shall make necessary changes/ alterations in the appointments made earlier in order to give effect of this provision.

(વહીવટી)

૯. રાજય સરકારશ્રી દ્વારા તા. ૨૨–૦૫–૨૦૨૧થી પ્રસિધ્ધ કરવામાં આવેલ (Gujarat Act No. 15 of 2021) ગેઝેટથી ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટીસ એકટ, ૨૦૦૯માં કરવામાં આવેલ સુધારા સંદર્ભે તા.૨૫-૦૮-૨૦૨૧ના રોજ ગેઝેટથી પ્રસિધ્ધ કરેલ ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટીસ એકટ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વટહુકમ અંતર્ગત એક્ટની કલમ ૩માં સુધારો કરી Gujarat Act No. 15 of 2021ના સુધારાના આરંભ પૂર્વેની યુનિવર્સિટીઓ સાથે અનુદાનિત કોલેજો અને સંસ્થાઓનું જોડાણ પુનઃ સ્થાપિત કરવામાં આવેલ હોય સિન્ડિકેટ તા.૨૫/૦૮/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક ૬૪ અંતર્ગત UKA Tarsadia University, Bardoli, Sarvajanik University, Surat, Vanita Vishram Women's University, Suratની Sponsoring Bodyની અનુદાનિત કોલેજોનું જોડાણ અત્રેની યુનિવર્સિટી સાથે પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે અને સદર અનુદાનિત કોલેજોના અધ્યાપકો અને આચાર્યશ્રીઓને અગાઉ મુજબના અધિકાર મંડળોમાં પુનઃ સ્થાપિત કરવામાં આવેલ છે. જેની જાણ થવા સારુ.

(સિન્ડિકેટ)

## <u>માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.</u>

**૧૦. એસ.પી.બી. ઈંગ્લિશ મિડીયમ કોલેજ ઓફ કોમર્સ તથા સર કે. પી. કોલેજ ઓફ કોમર્સમાં સ્વનિર્ભર (Self-Financed) ધોરણે ચાલતા ડિવિઝન અનુક્રમે (A) B.COM. TAXATION & (B) B.CO./ M.COM. HONORSના અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ ફાળવવાનો માનનીય કુલપતિશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે. જેની નોંધ લેવા બાબત.**

(૩) **એસ.પી.બી. ઈંગ્લિશ મિડીયમ કોલેજ ઓફ કોમર્સ તથા સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ માં સ્વનિર્ભર (Self-Financed) ધોરણે ચાલતા ડિવિઝન અનુક્રમે (A) B.COM. TAXATION & (B) B.CO./ M.COM. HONORS બાબતે વિચારણા કરતા સિન્ડિકેટે તેની તા.૨૫/૦૮/૨૦૨ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૪ અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.**

**<u>સિન્ડિકેટની તા.૨૫/૦૮/૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક : ૬૪</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની બાબતના પેરા નં. ૩ માં જણાવેલ બાબત સંદર્ભે સ્વનિર્ભર ધોરણે ચાલતા તમામ અભ્યાસક્રમો વી.ન.દ.ગુ.યુનિવર્સિટી સાથે સંલગ્ન ન રાખવા અને તેથી શૈ. વર્ષ : ૨૦૨૧–૨૨ થી પ્રથમ વર્ષના પ્રવેશ પણ ફાળવવા નહિ.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, આજ રોજ સિન્ડિકેટના તમામ સભ્યોએ સંયુકત રીતે આપેલ પત્રમાં કરેલ વિનંતીને ધ્યાનમાં રાખી રાજય સરકાર દ્વારા તે બાબતમાં જે પણ નિર્ણય કે સ્પષ્ટતા આવે તેનો તાત્કાલીક અમલ વી.ન.દ.ગુ.યુનિવર્સિટી તંત્રએ કરવો.**

(એકેડેમિક)

**૧૧.** યુનિવર્સિટીના એચ.આર.ડી. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ર્ડા. કિરણ પંડયા દ્વારા સ્વૈચ્છીક નિવૃત્તિ માટે પત્રાંક : HRD/246/2021, તા.૧૪/૦૭/૨૦૨૧ થી દરખાસ્ત કરવામાં આવેલ હોય જે પત્ર અન્વયે તેઓની સ્વૈચ્છીક નિવૃત્તિ મંજુર કરવા તથા તા.૩૧/૦૮/૨૦૨૧ ના રોજ કાર્યાલય સમય બાદ મુકત કરવા તથા નોટીસનો સમયગાળો Waive કરવા અંગે સિન્ડિકેટ સમક્ષ બાબત રજુ કરતા સિન્ડિકેટ સભાના ઠરાવ ક્રમાંક : ૧૪ તા.૨૨/૦૭/૨૦૨૧ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ હતું.

**" આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એચ. આર.ડી. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ર્ડા. કિરણ પંડયા દ્વારા સ્વૈચ્છીક નિવૃત્તિ માટે પત્રાંક : HRD/246/2021, તા.૧૪/૦૭/૨૦૨૧ના પત્ર સંદર્ભે માત્ર સ્વૈચ્છીક નિવૃત્તિ માટેની વિનંતીનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને પત્ર અંગેની વહીવટી કાર્યવાહી યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારાધોરણો મુજબ કરવી"**

ઉપરોકત ઠરાવ તથા સરકારશ્રીની મંજુરી અન્વયે તેઓની તા.૧૪/૦૭/૨૦૨૧ની સ્વૈચ્છીક નિવૃત્તિ માટેની વિનંતીનો સ્વીકાર કરેલ હોય તથા ર્ડા.કિરણ પંડયાના પત્રાંક : એચઆરડી/૨૯૪/૨૦૨૧, તા.૨૭/૦૮/૨૦૨૧ દ્વારા આપેલ બાંહેધરીને આધિન તેઓને યુનિવર્સિટી સેવામાંથી તા.૩૧/૦૮/૨૦૨૧ ના કાર્યાલય સમય બાદની અસરથી ફરજમુકત કરવા અંગેના મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(બિડાણ : ૦૪)

(વહીવટી)

**૧૨. અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.<br>
ક્રમાંક : એસ–૧ (૧)/ ૧૩૦૨૩ /૨૦૨૧<br>
તા. ૩૧–૦૮–૨૦૨૧

**Sd/-**<br>
**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**